# આંક–૧ નીચે હુકમ

૧. હાલના ક્રિમીનલ કેસની ફિઝીકલ ફાઈલ લાંબા સમયથી અત્રેની કોર્ટ સમક્ષ આવેલ ન હોય ફિઝીકલ ફાઈલ શોધવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ, ત્યારબાદ સી.આઈ.એસ. મોડયુલમાં તપાસ કરતાં માલુમ પડેલ કે, સદરહું કેસમાં ફરિયાદી તરીકે છગનલાલ જી. પવાર છે જયારે આરોપી તરીકે દરજી રૂપારામ ભેરૂજીને દર્શાવેલ છે તેમજ સદર ફાઈલ મળી આવતી ન હોવાથી અત્રેની કોર્ટના સ્ટાફ મારફતે સી.આઈ.એસ. મોડયુલમાં ડેટા ચેક કરાવતાં તેમાં પણ માત્ર ફરિયાદી તથા આરોપીના નામ મળી આવેલ છે, પરંતુ ફરિયાદી કે આરોપીના સરનામાં કે તેઓના વકીલશ્રીઓના નામ મળી શકેલ નથી તે સંજોગોમાં પક્ષકારો કે તેમના વકીલશ્રીઓને હાલના કેસ બાબતે નોટીસ કાઢવાનું પણ શકય બનેલ નથી તેમજ નજીકના ભવિષ્યમાં હાલનો કેસ મળી આવે તેવી પણ કોઈ શકયતા જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં હાલનો કેસ ફિઝીકલી નોન ટ્રેસેબલ છે અને નજીકના ભવિષ્યમાં મળી આવવાની કોઈ શકયતા નથી તે સંજોગોમાં સદર કેસ ખોટી રીતે અત્રેની કોર્ટમાં સી.આઈ.એસ. મોડયુલ તથા બેલેન્સ શીટમાં ખોટી રીતે લંબાઈ આવતો હોય તેમ જણાઈ આવે છે તેમજ આજદિન સુધી સદર કેસ બાબતે કોઈ પક્ષકાર કે વકીલશ્રી તરફથી લાંબા સમયથી કોઈ કાર્યવાહી કે રજુઆત કે અરજી રજુ કરેલ નથી તેમજ ભવિષ્યમાં આ કેસ મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય માટે ઉપરોકત તમામ હકીકતો અને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ ઘ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) સદર કેસ જો ફિઝીકલી મળી આવે તો ફરી વખત રીસ્ટોર કરવાની શરતે હાલ પુરતો સી.આઈ.એસ. મોડયુલમાંથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો કોઈ વ્યથિત વ્યકિત ઘ્વારા ભવિષ્યમાં સદર કેસ અસ્તિત્વમાં છે તેમ રજુઆત કરવામાં આવે તો, તે વ્યકિત ઘ્વારા સદર કેસની જરૂરી નકલો રજુ કરવાની શરતે સદરહું કેસ રીસ્ટોરની આગળની કાર્યવાહી કરવા પાત્ર રહેશે.

(૩) આ હુકમ સાથે આ કેસ અંગેની કોમ્પ્યુટરના સી.આઇ.એસ. મોડયુલની માહિતીના પ્રિન્ટઆઉટના કાગળો કેસ પેપેર્સ તરીકે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૫ મી, માહે–જુન સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૦૫/૦૬/૨૦૨૫
સ્થળ : અમદાવાદ

(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
૨૩માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૨૭, અમદાવાદ શહેર
જજ કોડ નં.૦૦૯૯૯